## મુદ્દા નં.૪(ખ)(૧) : સાંસ્કૃતિક વિભાગની વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજોની વિગત :–

## આર.ટી.આઈ.એકટ તેમજ અન્ય કામગીરી :–

સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા લોક સંસ્કૃતિનો વારસો જળવાઈ રહે તથા તેનું યથા યોગ્ય સિંચન–જતન થતું રહે તે માટે વર્ષ દરમ્યાન ડૉ.બાબા સાહેબ આંબેડકર, વીર કવિ નર્મદ, પૂજય મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, નેતાજી સુભાષચંદ્ર બોઝ જેવા રાષ્ટ્રીય નેતાશ્રીઓની જન્મ જયંતિની ઉજવણી, કારગીલ વિજય દિન, સૂર્યપુત્રી તાપી જન્મ જયંતિની ઉજવણી સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિન, નવરાત્રી પર્વ નિમિત્તે ફૂડ ફેસ્ટીવલમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

આ ઉપરાંત લોક સંસ્કૃતિના વારસાને જીવંત રાખતી 'મહેંદી', 'ગોરમાગીત' સ્પર્ધાઓ, ભારતના રાષ્ટ્રીય પર્વ એવા સ્વાતંત્ર્ય દિન/પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે 'દેશભકિત ગીત', 'વેશભૂષા' જેવી વિવિધ સ્પર્ધાઓ તથા કલા, સંગીત, નૃત્ય, નાટ્યક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે 'નાટ્ય સ્પર્ધા', શહેરના કલા–સાહિત્ય જગતને પ્રોત્સાહન મળે તે માટે પુસ્તક મેળામાં 'પોટ પેઈન્ટીંગ', 'રંગોળી', 'કાર્ડ મેકીંગ', 'ચિત્રકામ', 'જનરલ નોલેજ કવીઝ', 'ગૃપ ડીસ્કશન', 'નિબંધ', 'વકતૃત્વ' સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.